માનનીય મહેસુલ, પુનઃવસન અને બાંધકામ મંત્રી શ્રી,

(ગુજરાત રાજય)

બ્લોક નં.૧, સચિવાલય

ગાંધીનગર

માનનીય મંત્રીશ્રી,

અમો અરજદારો આપ સાહેબને આ મેમોરેન્ડમ આપી અરજ કરીએ છીએ કે,

અમો અરજદારો સને ૨૦૦૨ ના વર્ષમાં અમદાવાદના નરોડા પાટિયા વિસ્તારમાં રહેતા હતા. ગઈ તા.૨૮.૨.૦૨ ના રોજ થયેલ કોમી તોફાનોમાં નરોડા પાટિયા વિસ્તારમાં પણ તોફાનો ફાટી નીકળેલ હતા. નરોડા પાટિયા વિસ્તારમાં થયેલ કોમી તોફાનોમાં અમો અરજદારોને જાની તેમજ માલી નુકશાન થયેલ તેમજ અમારા મકાનોને પણ તોડફોડ કરી સળગાવી દીધેલ આમ અમો અરજદારો નરોડા પાટિયાના અસરગ્રસ્ત ઈસમો છીએ.

સદર કોમી તોફાનોના અનુસંધાને રિલીફ કમિટી તરફથી અમદાવાદના જુદા જુદા વિસ્તારો જેવા કે, સિટીઝનનગર-દાણીલીમડા, એકતાનગર-વટવા તથા ફૈઝલપાર્ક, જીયા મસ્જીદ પાસે વટવા વગેરે વિસ્તારોમાં રહેણાંક સારૂ ઘરો બનાવી અમો અરજદારોને રહેવા માટે આપેલા ત્યારથી આજદિન સુધી સદરહુ રહેણાંકના વિસ્તારોમાં પીવાના પાણી સંબંધિત, રોડ – રસ્તા સંબંધિત, ગટર લાઈન સંબંધિત, સ્ટ્રીટ લાઈટ સંબંધિત, આરોગ્ય સંબંધિત, સેનીટેશન સંબંધિત વગેરે સમસ્યાઓથી ઘેરાયેલ છીએ અને આ બધી જરૂરિયાતો એક મનુષ્યને સારી જીંદગી જીવવા માટે જરૂરી છે જે તમામ સુવિધાઓ અમો અરજદારોને મળેલ નથી. જેથી અમો અરજદારોની આ સમસ્યાઓને તાત્કાલિક નિરાકરણ થાય તે સારૂ આ મેમોરેન્ડમ આપ સાહેબ સમક્ષ રજુ કરીએ છીએ.

જેમાં અમો નીચે મુજબની સમસ્યાઓથી ઘેરાયેલા છીએ.

(૧) <u>મકાન બાબતઃ-</u>

અમારા વિસ્તારમાં કોમી તોફાનો દરમ્યાન ૨૦૦૨નાં વર્ષમાં કેટલાક મકાનો કેટલાક સ્વૈછિક સંસ્થાઓએ અમોને આ જગ્યાએ બનાવી આપેલાં હતાં જે અત્યાર સુધીમાં અમારે નામે થયેલાં નથી.

ધરવી જોઈએ. આ બાબતે પણ તાકીદે કાર્યવાહી થાય તેવું અમો ઈચ્છીએ છીએ.

(૨) **<u>પીવાનાં પાણીની સમસ્યાં :-</u>**

અમારા આ વિસ્તારમાં પીવાનાં પાણીની મુખ્ય સમસ્યા છે. પાણી ટેન્કર દ્વારા આંતરે- દિવસે પુરૂ પાડવામાં આવે છે. જે પાણી આવે છે તે પીવાલાયક હોતું નથી. ૨૦૦૨ થી અત્યાર સુધીમાં અમારામાંના કેટલાક ખરાબ પાણી પીવાને લીધે કીડની ફેઈલ થતાં મૃત્યુ પામેલાં છે. આ સાથે ચામડીનાં રોગો, પાણી જન્યરોગોનો અવારનવાર ભોગ બની રહયાં છીએ. પાણી વગર માનવ જીવન શકય નથી. એ હકીકત હોવા છતાં મરવાને વાંકે જીવી રહ્યાં હોઈએ તેવું અમોને લાગે છે. એક પાણીના ટેન્કર પેટે રૂ.૧૫૦ ના લેખે રકમ ચુકવવી પડે છે. પાણીએ મનુષ્ય જીવનનું મુખ્ય અને રોજીંદી જરૂરીયાત હોવા છતાં સરકારશ્રીએ આ બાબતે જે તે સમયે આ સમસ્યાનું નિવારણ કરવું જોઈએ. પરંતું આ સમસ્યા  અત્યાર સુધી સમસ્યા જ રહેલી છે. જે હકીકત છે અને આ બાબતને તાકીદની ગણી યુધ્ધના ધારણે કાર્ય પુર્ણ કરી સમસ્યાનો કાયમી રીતે નિકાલ કરવો જોઈએ તેવી અમારી નમ્રતાપુર્વક અરજ છે.

(૩) **<u>રસ્તાની સમસ્યા :-</u>**

અમારા આ વિસ્તારોને રસ્તાની સમસ્યા પણ ખૂબ જ પરેશાન કરે છે. સમગ્ર અમદાવાદ શહેરનો કચરો કે જેનો નિકાલ થાય છે તે સુએઝ ફાર્મ  નજીક આ વિસ્તારની પાસે અમારા મકાનો આવેલાં છે. જે ચંડોળા તળાવનાં રોડની આશરે ત્રણ કિ.મી. અંદરના ભાગે છે. શહેરમાં નોકરી-ધંધાએ જતાં આવતાં ખૂબ જ તકલીફ પડે છે. રસ્તાઓ તુટેલાં છે, ખાડા –ટેકરાં અને પથ્થરો તથા કચરાં થી ગ્રસ્ત છે. શિયાળો- ઉનાળો અને તેમાંય ચોમાસું તો તોબા. . તોબા. . .પોકારી જવાય છે. ઠેર ઠેર પાણીનાં ખાબોચીયાં, મચ્છરો નો ઉપદ્રવ અને બીમારી પણ ઘરે-ઘરે જોવા મળે છે. જે રસ્તાની સગવડ થઈ જાય તો અમે આ બિમારીથી તથા આવવા- જવાની રોજીંદી તકલીફથી છુટકારો મેળવી શકીએ. આજના આધુનિક સમયમાં રસ્તો એ મુખ્ય જરૂરિયાત છે તેમ છતાં અમો અગ્યિાર વર્ષ વીતવા છતાં આ સુવિધાથી વંચિત છે. સરકારશ્રીએ આ બાબતે પ્રાથમિકતા આપી કાર્ય પુર્ણ કરાવવા નમ્ર વિનંતી છે તેથી આ સમસ્યાનો પણ કાયમી ધોરણે નિકાલ કરવા અરજ છે.

(૪) **આરોગ્ય સંબંધી સમસ્યા :-**

અમારાં વિસ્તારમાં ઉપર મુજબની તમામ સમસ્યાઓ ઉદ્દ્ભવતાં આરોગ્ય સંબંધી ઘણી બધી સમસ્યાઓ પેદા થતી રહે છે. જેથી અમો ધાર્યું કામકાજ પણ કરી શકતા નથી અને ધંધો- નોકરી રોજગાર પણ સારી રીતે કરી શકતાં નથી.જેથી આર્થિક રીતે પણ તુટી જઈએ છીએ. અનેક પ્રકારની બિમારીઓ જેવી કે, મલેરિયા, ડાયેરિયા, ફ્લુ, ચામડીના રોગો, ડેન્ગ્યુ જેવી ભયંકર બિમારી તથા ટીબી, ક્ષય જેવી બિમારીઓથી પણ પીડાઈ રહયાં હોઈએ છીએ. અમારા વિસ્તારમાં કોઈજ સરકારી દવાખાના નથી, કે જે દ્વારા અમો સામાન્ય દરે ઈલાજ પણ કરાવી શકીએ. જો આરોગ્યપ્રદ સેવાઓ પુરી પાડવામાં આવે તો અમો બીમારીથી મુક્ત રહી શકીએ.તેથી દવાખાના ની વ્યવસ્થા સરકાર શ્રી દ્રારા થાય તેવી અમારી રજુઆત છે.

(૫) **શાળા-સ્કુલ બાબતે :-**

અમારા આ વિસ્તારો ખુબ જ પછાત અને અતિ પછાત છે. જે ભણતરના અભાવે વધુ અવિકસિત રહ્યાં છે. પરંતુ અમો અમારા બાળકોને આ સમસ્યામાંથી મુક્ત કરાવવા માંગતા હોઈ અમારા આ વિસ્તારમાં બાલઘર, આંગણવાડી, પ્રાથમિક તથા ઉચ્ચ પ્રાથમિક સ્કુલ જેનાથી અમો વંચિત છીએ. સ્કુલ છે જે ચાર-પાંચ કિ.મી. દુર છે. જેથી અમારે અમારા બાળકોને સ્કુલે મોકલવામાં પણ તકલીફ પડે છે અને તે આર્થિક રીતે અમોને પરવડતું નથી જેથી પણ અમારા બાળકો શિક્ષણથી વંચિત રહે છે. શિક્ષણ એ પાયાની પ્રાથમિક અને ફરજીયાત જરૂરિયાત હોવા છતાં અમો તેનાથી આજદીન સુધી વંચિત છીએ. જે હકીકત છે. સરકાર શિક્ષણ પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરતી હોવા છતાં અમારો વિસ્તાર આ બાબતે જોજનો દુર છે. જેથી આ સમસ્યા પણ સરકાર શ્રી એ તાકીદે દુર કરવી જોઈએ અને વહેલી તકે શાળા-સ્કુલ બાબતે અગ્રીમતાના ધોરણે કાર્ય કરવું જોઈએ.

(૬) **ડ્રેનેજની સમસ્યા :-**

સેનીટેશન સાથે ડ્રેનેજની સમસ્યા પણ જોડાયેલી છે જે વર્ષો જુની છે. ગટર લાઈન નાની છે જે પુરતી નથી.તેથી નવી ગટર લાઈનનાં જોડાણ ની જરૂરિયાત છે. જેથી નવી અને મોટી ગટર લાઈન જો થાય તો અમોને ખુબ જ રાહત મળે તેમ છે. નાની લાઈન હોવાને લીધે ગટરલાઈનો વારંવાર ઉભરાઈ જાય છે. ધુળ અને કચરો પણ ગટરોમાં જાય છે તેથી પણ ગટરો ઉભરાય છે જે આરોગ્ય માટે હાનિકારક છે. સરકારશ્રીએ આ બાબતે અગ્રીમતાથી કદમ ઉઠાવવો જોઈએ અને આ સમસ્યાથી

સમગ્ર ભારતમાં ગુજરાત એ વર્ષોથી વિકસિત રાજય રહ્યું હોવા છતાંય અમારા વિસ્તારમાં સેનીટેશન ની પુરતી વ્યવસ્થા નથી. જેનાથી અમો શરમ-સંકોચ અનુભવી રહયા છીએ. જો સેનીટેશનની વ્યવસ્થા થાય તો ઘણી બધી બીમારીઓથી છુટકારો મેળવી શકીએ અને આરોગ્યપ્રદ જીવન જીવી શકીએ

અને અમો રાજયનાં વિકાસમાં પણ વધુ સહભાગી થઈ શકીએ તેવા પ્રયત્નો પણ અવશ્ય કરી શકીએ. સરકારશ્રીએ આ બાબતે હજુ સુધી કોઈ જ ધ્યાન આપેલ નથી.

(૮) <u>સ્ટ્રીટ લાઈટની સમસ્યા :-</u>

વિજળી એ જીવન છે. જો વિજળી ન હોય તો શું થાય? અમારા આ વિસ્તારમાં વિજળીની સમસ્યા પણ છે અને સાથે સાથે સ્ટ્રીટ લાઈટની પણ સમસ્યા પણ છે. અંધારામાં ડર લાગે તેવું બિહામણું ચિત્ર અંધારૂ થતાં અમારી સામે આવે છે. જેનો અમો રોજે રોજ સામનો કરી રહ્યાં છીએ. જો સ્ટ્રીટ લાઈટ હોય, નિયમિત વીજળી મળતી હોય તો અનેક સમસ્યાઓમાંથી અમોને છુટકારો મળી શકે તેમ છે.અમો છુટક મજુરી કામ કરી ગૃહઉધોગ કે ધંધા કરી શકીએ પણ લાઈટની અનિયમીતતાને લીધે પણ કામ કરી શકતા નથી. મહિલાઓને લગતા કાર્યો જેવા કે, સિલાઈ, વણાટ, હાથઆરી, અગરબત્તી વિગેરે જેવા કાર્યો કરી શકતા હોવા છતાં વીજળીની સમસ્યાને લીધે આ કાર્ય પણ કરી શકતા નથી. જે હકીકત છે તેથી આ સમસ્યાનો પણ કાયમી ધોરણે નિકાલ કરવો જોઈએ. આથી આપ સાહેબને નમ્રપણે જણાવવાનું કે અમારા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ તેમજ ઘરોમાં વિજળીની વ્યવસ્થા કાયમી ધોરણે આપવા મહેરબાની કરશોજી.

આમ ઉપર મુજબની ઘણી બધી સમસ્યાઓથી અમો પીડાઈ રહ્યાં છીએ અને તમામ સમસ્યાઓથી અમો સરકારશ્રીને આ મેમોરેન્ડમ દ્વારા રજૂઆત કરીએ છીએ કે ઉપર જણાવ્યા પ્રમાણેની પ્રાથમિક સુવિધાઓ જે અમોને ભારતના નાગરિક તરીકે મળેલી બંધારણીય જોગવાઈઓ મુજબ હોવા છતાં આજદિન સુધી અમોને મળેલ નથી. તેથી આપ સાહેબને નમ્ર વિનંતી છે કે ઉપર જણાવેલ તમામ સમસ્યાઓનું નિરાકરણ કરી ઉપર જણાવેલ તમામ સુવિધાઓ અમો અરજદારોને પુરી પાડવા ઘટતી કાર્યવાહી કરી ન્યાયના હિતમાં યોગ્ય કરશોજી.

અમો અરજદારો નરોડા પાટીયા હત્યાકાંડના અસરગ્રસ્તો છીએ, અમો ઘર વિહોણાં હતા અને રિલીફ કમિટી તરફથી અમોને ઘર બનાવી આપવામાં આવેલ છે પરંતુ તે ઘરોમાં અને જે વિસ્તારમાં અમારા ઘરો આવેલા છીએ તે વિસ્તારમાં ઉપર મુજબની ગંભીર સમસ્યાઓથી અમો અરજદારો પીડીત છીએ જેથી અમારી ઉપરોક્ત સમસ્યાઓનું તાકીદે નિરાકરણ થાય તે ન્યાયના હિતમાં ખૂબજ જરૂરી છે. જેથી અમારી આ રજૂઆતને ધ્યાને લઈ યોગ્ય

સત્તાધીશો આ બાબતે કાર્યવાહી કરે અને આપશ્રી આ તમામ નું મોનીટરીંગ કરી અમોને આ સુવિધાઓ અપાવો તેવી અમોને આશા છે.

મોહંમદભાઈ અબ્દુલહમીદ શેખ
(સીટીઝનનગર, દાણીલીમડા)

રેશ્માબાનુ નદીમભાઈ સૈયદ
(સીટીઝનનગર, દાણીલીમડા)

ફરીદા અબ્દુલકાદર ખલીફા
(એકતાનગર, વટવા )

જલાલભાઈ
(એકતાનગર, વટવા )

અબ્દુલ મજીદભાઈ
(ફૈઝલપાર્ક,વટવા)

<u>નકલ સદર રવાના:-</u>

(૧) અર્બન ડેવલોપમેન્ટ મંત્રીશ્રી,
ગુજરાત સરકાર, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

(૨) વોટર સુઅરેજ એન્ડ વોટર સપ્લાય રીસોર્સીસ,
મંત્રીશ્રી, ગુજરાત સરકાર, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

(૩) આરોગ્ય મંત્રીશ્રી,
ગુજરાત સરકાર, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

(૪) શિક્ષણ મંત્રીશ્રી,

(૫) માનનીય કલેકટર સાહેબ શ્રી

કલેક્ટર કચેરી, અમદાવાદ.

(૬) મેયર શ્રી / મ્યુ. કમિશ્નર શ્રી

અમદાવાદ શહેર, અમ.મ્યુ. કોર્પોરેશન.

(૭) માનનીય ધારા સભ્યશ્રી

દાલીલીમડા અમદાવાદ.

સીટીઝનનગર દાણીલીમડા

૧. ફરીદાબાનું યુસુફભાઈ પઠાણ ફરીદાબાનુ

૨. સૈયદ નુરબાનું જહાંગીરહુસૈન નુરબાનુ

૩. શેખ રફતજહાં મૈયુદીન રફતજહાં

૪. શેખ નસીમબાનું અ.રહેમાન નસીમબાનુ

૫. શેખ શાહજહાંબાનું લીયાકતભાઈ શાહજહાં

૬. શેખ ફાતમાબાનું ખ્વાજાહુસૈનં LTM of Fatmabanu.

૭. શેખ નુરબાનું બાદશાહભાઈ નુર

૮. પઠાણ નસીમબાનું નાસીરભાઈ પઠાણ નસીમબાનુ

૯. શેખ ચાંદબી અ.રસીદ LTM of Chandbi

૧૦. શેખ મુમતાઝબાનું રહેમતુલ્લા LTM of Mumtazbanu.

૧૧. શેખ ખાતુનબીબી મોહંમદભાઈ નજીરબાબ

## ફૈજલપાર્ક/ એકતાનગર વટવા

૧) શેખ જાયદાબાનું ઈકબાલએહમદ જાયદાબાનું

૨) શેખ નુરજહાં અ.કદીર નુરજહાઁ

૩) શેખ જુલેખાબાનુ મો. ઐયુબ ઝુલેખા

૪) વોરા જુબેદાબેન અનવરભાઈ જુબેદાબેન

૫) સિપાહી ફેમીદાબાનું રહીશખાન ફેમીદાબાનુ

૬) પઠાણ રૂકસાનાબાનું રહીશખાન રુકસાનાબાનુ